<u>પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડિ.મેજિ.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>

<u>પડધરી, જી.રાજકોટ.</u>

<u>રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબરઃ ૧૨/૨૦૨૩.</u>

વાદીઃ– **કૌશલ દિલીપભાઈ મસરાણી**

વિરૂધ્ધ

પ્રતિવાદીઓ– **ઘનશ્યામભાઈ ભુપતભાઈ ભટ્ટ વી.**

==

એડવોકેટસ્ઃ– – વાદી તરફે વિ.વ.શ્રી એસ.ડી.વોરા.

– પ્રતિવાદીઓ વિ.વ.શ્રી બી.પી.બુદ્ધદેવ.

==

<u>વાદીની આંક – ૦૫ ની અરજી તળેનો હુકમ</u>

1. વાદીએ હાલનો દાવો ગુજરાત રાજ્યમાં રજી. ડિસ્ટ્રિકટ રાજકોટ, સબ ડિસ્ટ્રિકટ પડધરીનાં મોજે ગામ તરઘડીનાં રે.સ.નં.૬૯ માં રહેણાંકનાં હેતુ માટે બિનખેડવાણ થયેલ "આકાશવાણી પાર્ક–૨" તરીકે ઓળખાતા પ્લોટ પૈકીના પ્લોટ નં.૨૦, ચો.મી.આ.૨૫૪–૮૭ બરાબર જમીન ચો.વા.આ.૩૦૪–૦૮–૦ વાળા પ્લોટની પશ્ચિમ બાજુએ ચો.મી.આ.૧૫૦–૧૯ બરાબર ચો.વા.આ.૧૭૯–૬૧ ની જમીન (સદરહું જમીનને હવે પછીથી હાલના દાવામાં દાવાવાળી તકરારી

મિલકત તરીકે ઓળખવામાં આવશે) વાદીઓની માલિકીની કબજા ભોગવટાની હોવાનું અને પ્રતિવાદીએ ગેરકાયદેસર દબાણ કરી બાંધકામ કરવાનું ગેરકાયદેસરનું કૃત્ય કરેલ હોય. જેથી સદરહું બાંધકામ ગેરકાયદેસર હોવાનું ઠરાવવા તથા પ્રતિવાદી તેઓનાં સ્વખર્ચ સદરહું બાંધકામ દુર કરાવવા તથા સદરહું જમીનમાં પ્રતિવાદીઓ પ્રવેશ કરે કરાવે નહીં તેવો કાયમી મનાઈહુકમ મેળવવા માટે વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂદ્ધ કરેલ છે. હાલના દાવા સાથે હાલની આંક-૨૪ ની સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર-૩૯, રૂલ- ૧, ૨ તથા કલમ-૧૫૧ મુજબ હાલની અરજી લાવી દાદ માંગેલ છે કે, આ કામના પ્રતિવાદીઓ કે તેમના નોકર-ચાકર કે એજન્ટ મારફતે કે અન્ય વ્યક્તિઓ મારફત ગેરકાયદેસર રીતે પ્રવેશ કે કોઈ દબાણ કે વિશેષ બાંધકામ કરે કરાવે નહીં. તથા વાદીઓને સદરહું જમીનમાં આવવા જતા અડચણ કરે કરાવે નહીં. તે રીતનો પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવાનો આખરી નિકાલ આવતાં સુધી દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે અને વાદીએ સદરહું કામે આંક-૧૧ થી દાવાવાળી મિલકતની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા માટે અરજ આપી અરજ મંજુર કરવા રજુઆત કરેલ છે.

2. વાદીની હાલની દાવા તથા મનાઈ અરજીની સમન્સ, નોટિસ પ્રતિવાદીઓને બજી જતાં પ્રતિવાદીઓને બજી જતા મનાઈ અરજીનાં જવાબ વાંધાઓ આંક-૨૧ થી

વાદીનાં સદરહુ મનાઈ અરજી સામે વાંધાઓ રજૂ કરવામાં આવેલ છે. જયારે આંક–૨૩ થી દાવાનો જવાબ રજુ કરેલ છે તથા પ્રતિવાદીઓ તરફે આંક–૨૬ થી દાવાનો જવાબ તથા વચગાળાની મનાઈ હુકમની અરજી સામે વાંધાઓ રજુ કરેલ છે. જે જવાબ વિરૂદ્ધ વાદી તરફે આંક–૩૦ થી કાઉન્ટર એફિડેવીટ રજુ કરવામાં આવેલ છે. તેમાં વાદીએ પ્રતિવાદીઓએ તેઓના જવાબમાં લીધેલ તકરારનો સોગંદ ઉપર ઈન્કાર કરેલ છે.

૩. સદરહું કામે વાદી દ્ધારા તેઓની આંક–૫ ની તથા આંક–૧૧ ની અરજી લગત આંક–૩૧ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે અને સદરહું કામે પ્રતિવાદીઓ દ્ધારા આંક–૩૩ થી વાદીની આંક–૫ તથા આંક–૧૧ ની અરજી લગત લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. હકીકતનું પુનરાવર્તન ટાળવા સારૂ વાદી તથા પ્રતિવાદી દ્ધારા રજુ કરવામાં આવેલ પ્લીડીંગ્સ તથા પક્ષકારો દ્ધારા રજુ થયેલ લેખીત દલીલોને ધ્યાને લેતાં સદરહુ અરજીના નિકાલ માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

1. શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?
2. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?
3. શું વાદીના લાભમાં માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંમાં પણ ભરપાઈ ન થાય તેવું નુકશાન થાય તેમ છે ?

4. શું હુકમ ?

4. આ કામે વાદી તથા પ્રતિવાદીઓ પક્ષે રજૂ કરવામાં આવેલ પ્લીડીંગ્સ તથા દસ્તાવેજો ધ્યાને લેતાં તેમજ બંને પક્ષની દલીલો, કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા, ઉપરોકત મુદ્દાના જવાબો અને કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : નકારમાં.

મુદ્દા નં. ૨ : નકારમાં.

મુદ્દા નં. ૩ : નકારમાં.

મુદ્દા નં. ૪ : આખરી હુકમ મુજબ.

-// **કા ર ણો** //-

5. (૫.૦) મુદ્દા નં. ૧ થી ૩ ના તારણો અંગેના કારણો – સદરહુ મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવા સારું સદર મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે. આ કામે હાલની અરજી કામચલાઉ મનાઈ હુકમની અરજી છે ત્યારે તે અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટે, કામચલાઉ મનાઈ હુકમની દાદ અંગેનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેવાનો રહે છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યક્તિએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવું જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ

રેકર્ડ પરથી સિદ્ધ કરવાનું રહે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ, પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિદ્ધ કરવાથી વાદી આપો આપ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ, વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિદ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામાપક્ષ કરતાં વાદીને વધુ આર્થિક નુકસાન થાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણૂક તથા ડીલે અને લેચીસની હકીકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં, મનાઇ હુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, દાવાના કોઇપણ પક્ષકારને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવું એ ખૂબજ ગંભીર બાબત છે અને મનાઇ હુકમનો કોઇ નિર્ણય કરતા પહેલાં અન્ય પક્ષકારોને થનાર નુકશાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આમ, આ તમામ સંજોગો ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે, કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ, ન્યાયિક રીતે કરવાનો રહે છે.

(૫.૧) વાદીએ હાલનો દાવો દાખલ કરી જણાવેલ છે કે, ગુજરાત રાજ્યમાં રજી. ડિસ્ટ્રિકટ રાજકોટ, સબ ડિસ્ટ્રિકટ પડધરીનાં મોજે ગામ તરઘડીનાં રે.સ.નં.૬૯ માં રહેણાંકનાં હેતુ માટે બિનખેડવાણ થયેલ "આકાશવાણી પાર્ક–૨" તરીકે ઓળખાતા પ્લોટ પૈકીના પ્લોટ નં.૨૦, ચો.મી.આ.૨૫૪–૮૭ બરાબર

જમીન ચો.વા.આ.૩૦૪–૦૮–૦ વાળા પ્લોટની પશ્ચિમ બાજુએ ચો.મી.આ.૧૫૦–૧૯ બરાબર ચો.વા.આ.૧૭૯–૬૧ ની જમીન જેટલુ પ્રતિવાદીઓએ દબાણ કરી બાંધકામ કરેલ છે. જે બાંધકામ ગેરકાયદેસરનું જાહેર કરાવી કાયમી તાકીદની દાદ માંગતો હાલનો દાવો પ્રતિવાદીની વિરૂદ્ધ કરેલ છે અને વાદીએ દલીલ કરતા જણાવેલ છે કે, પ્રતિવાદીઓના પ્લોટની જમીન વાદીના પ્લોટની પશ્ચિમ દિશાએ અડોઅડ આવેલ છે. તે સંબંધે ડી.આઈ.એલ. દ્વારા નામદાર અદાલતનાં હુકમ મુજબ માપણી કરવામાં આવેલ છે. જે માપણી સદરહું કામે માર્ક–૨૪/૨ થી રજુ થયેલ છે જે માપણીમાંના સમજુતી ક્રમ નં.૪ માં જમીન ૧૫૦–૨૭ ચો.મી.આ. નું ઓવર લેપીગ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જેથી હાલના કામનાં પ્રતિવાદીઓએ વાદીની મિલકતમાં ગેરકાયદેસર પ્રવેશ કરી દબાણ કરી બાંધકામ કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. જેથી માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા તથા યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાની વાદી તરફે રજુઆત થયેલ છે. જે અનુસંધાને પ્રતિવાદીએ વાદીની દલીલનો ઈન્કાર કરી દલીલ કરતા જણાવેલ છે કે, તકરારી મિલકતની માંપણી ડી.આઈ.એલ.આર. તરફથી કાયદેસર મંજુર થયેલ પ્લાન સાથે રાખી માપણી કરવામાં આવેલ નથી અને સદરહું માપણીમાં તકરારી મિલકતની વર્તમાન પરિસ્થિતિ દર્શાવેલ નથી અને સદરહું માંપણી સમયે વાદીએ તેમનો પ્લોટ નં.૨૦

ક્યાં છે તે બતાવવા બાબતે ડી.આઈ.એલ.આર. અધીકારી દ્વારા પ્લોટ નં.૨૦ ક્યાં આવેલ છે તે બતાવવા જણાવેલ હોવા છતાં વાદીએ પ્લોટ નં.૨૦ બતાવેલ નથી. વધુમાં, પ્રતિવાદી તરફે એવી રજુઆત થયેલ છે કે, સદરહું પ્લોટ નં.૨૦ સને–૧૯૮૪ માં બીનખેતી થયેલ હોય તો ૨૦૨૩ માં વાદીનો પ્લોટ ખુલ્લો કઈ રીતે હોઈ શકે તે બાબત વાદીએ કોઈ હકીકત જણાવેલ નથી. આમ, વાદી તથા પ્રતિવાદીની દલીલોને ધ્યાને લઈ સદરહું કામે માર્ક–૨૪/૨ થી રજુ થયેલ માંપણીશીટ જોવામાં આવે તો મુદ્ધા નં.૪ માં ૧૫૦.૨૭ ચો.મી. ઓવર લેપીંગ થયેલ છે તેવું માપણી કરનાર સર્વેયરે નોંધેલ છે. પરંતુ, સદરહું ઓવર લેપીંગ વાદીના પ્લોટ ઉપર થયેલ છે કે કેમ? તેવી કોઈ હકીકત સદરહું માંપણીશીટમાં દર્શાવેલ નથી. વધુમાં, સદરહું માપણીશીટ જોતાં વાદીનો પ્લોટ ચોક્કસ ક્યાં સ્થળે આવેલ છે. તેવી હકીકત પણ સદરહું માંપણીશીટ જોતાં જણાઈ આવતી નથી. તે સંજોગોમાં હાલના કામનાં પ્રતિવાદીએ વાદીની મિલકતમાં દબાણ કરી બાંધકામ કરેલ છે. તે હકીકત પ્રથમદર્શનીય રીતે વાદી તરફે રજુ થયેલા પુરાવા પરથી સ્પષ્ટપણે જણાઈ આવતી નથી. વધુમાં, વાદીનો પ્લોટ એ રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ હોવાની હકીકત વાદી દ્વારા તેઓની દાવા અરજીમાં જણાવવામાં આવે્લ છે. જ્યારે પ્રતિવાદીઓની મિલકત ઓદ્યોગીક હેતુ માટે બીનખેતી થયેલ છે. જે તમામ હકીકતો તથા વાદી તથા પ્રતિવાદીઓ તરફે રજુ

થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતાં હાલના કામના પ્રતિવાદીઓએ વાદીની મિલકતમાં બાંધકામ કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતુ નથી. જે સંજોગોમાં સદરહું દાવામાં વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી તેવું અત્રેની કોર્ટનું રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી માનવું છે.

(૫.૨) વધુમાં સદરહું કામે વાદીઓનું પ્લોટ નં.૨૦ નો બીનખેતીનો હુકમ, મંજુર થયેલ લે-આઉટ પ્લાન, પ્લોટ વેરીફીકેશન કરી ડીમોર્ગશન કરેલ તેની નકલ, બીનખેતીનાં આજ્ઞાત્મક હુકમ મુજબ વાદીએ માંપણી કરાવેલ હોય તેવા કોઈપણ દસ્તાવેજી પુરાવાઓ વાદી દ્વારા અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ નથી. પ્રતિવાદીએ સદરહુ કામે માર્ક-૧૫/૧ થી પ્રતિવાદીનો વેચાણ દસ્તાવેજ તથા માર્ક-૧૫/૨ થી પ્રાઈવેટ માંપણી તથા માર્ક-૨૯/૭ ના લીસ્ટથી પ્રતિવાદીના જમીનનો લે-આઉટ પ્લાન તથા તાલુકા પંચાયત કચેરીએ પ્લોટ નં.૦૧ નું સબ-પ્લોટીંગ મંજુર કરેલ છે અને તેના સબ-પ્લોટીંગ કરતા પ્લોટ નં.૦૧ નું ક્ષેત્રફળ ચો.મી.૨૦૦૩-૩૨ તથા ચર્તૂસીમા તથા અન્ય કોઈ ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર થતો નથી. તેવો સ્પષ્ટ ઉલ્લેખ તા.૧૫/૧૧/૧૯૯૨ ની બાંધકામની રજાચીઠ્ઠીમાં કરેલ છે તથા બાંધકામ પૂર્ણ કર્યાનો તા.૨૪/૧૧/૨૦૨૦ નો દાખલો છે. જે બાંધકામ વાળી જગ્યા પ્રતિવાદીની જ છે તેની માંપણી મિરેકલ એક્સપર્ટ પાસે કરાવેલ છે. આમ, હાલનાં કામનાં વાદીએ

સદરહું વાદીનો તથા પ્રતિવાદીનો પ્લોટ બીનખેતીમાં અલગ અલગ હેતુ માટે મંજુર કરવામાં આવેલ તે હકીકત તથા પ્રતિવાદીઓની જગ્યાએ પ્લોટની ખુલ્લી જમીન નથી અને પ્રતિવાદીઓનો વેચાણ દસ્તાવેજ એ વાદીનાં દસ્તાવેજ પહેલાનો છે અને પ્રતિવાદીએ સદરહું જમીન બાંધકામ સહીત ખરીદ કરેલ હોવાની તથા પ્રતિવાદી પ્લોટની બાજુમાં શેરી આવેલ હોવાની હકીકત વાદીએ સપ્રેસ કરેલ છે. સદરહું મંજુર થયલે લે–આઉટ પ્લાન તથા પ્રતિવાદીનું બાંધકામ વાદીનાં દસ્તાવેજ પહેલાનું છે કે પછીનું છે? તે હકીકત સદરહું દાવાની ન્યાય નિર્ણય માટે મહત્વની હકીકત છે. જે હકીકત વાદીએ અત્રેની કોર્ટમાં જણાવેલ નથી અને વાદી અત્રેની કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલ નથી. જેથી વચગાળાના મનાઈ હુકમની સમન્યાયની દાદ વાદી મેળવવાપાત્ર હાલનાં તબક્કે હક્કદાર થતા નથી તેવું અત્રેની કાર્ટનું માનવું છે.

(૭.૨) વધુમાં સદરહું કામે વાદીઓએ આંક–૧ ની દાવા અરજીમાં એવી દાદ માંગેલ છે તે દાદ તથા આંક–૫ ની અરજીમાં માંગેલ દાદ એકંદરે એકસરખી જણાઈ આવે છે. વધુમાં, હાલના દાવાનાં કામે દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીઓએ કેટલુ બાંધકામ કરેલ તે અંગે વાદી દ્વારા ફોટોગ્રાફ્સ રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદરહું બાંધકામ દાવો દાખલ કર્યો તે સમયની સ્થિતિ છે કે હાલની સ્થિતિ છે. તેવો સ્પષ્ટ ખુલાસો વાદી દ્વારા કરવામાં આવેલ નથી. જેથી

વાદીએ આંક–૧ માં તથા આંક–૫ માં માંગેલી દાદ એકંદરે એકસરખી જણાય આવતી હોય ત્યારે સદરહું વચગાળાનાં તબક્કે આંક–૫ ની તથા આંક–૧૧ ની દાદ મંજુર કરવામાં આવે તો વાદીનાં દાવાની આખરી નિકાલ કરેલ હોય તેવી પરિસ્થિતિ ઉભી થાય તો તે મુજબની દાદ વચગાળાનાં તબક્કે આપી શકાય નહીં તેવો પ્રસ્થાપિત કાયદાનો સિદ્ધાંત છે. જેથી પણ વાદીની આંક–૦૫ તથા આંક–૧૧ ની અરજી મંજુર થવા પાત્ર જણાતી નથી તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

6. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આ કામના વાદી રેકર્ડ ઉપરથી પોતાનો પ્રથમદર્શનીય કેસ વાદી સાબીત કરી શકેલ નથી. તેમજ સદરહું કામે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરીબલ લોસની વાત કરીએ તો વાદી પોતાની દાવાવાળી મિલકતમાં રહેલો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે અને સદરહું દાવાવાળી મિલકતમાં હાલના કામના પ્રતિવાદીઓ જે બાંધકામ કરી રહેલા છે, તે બાંધકામ કાયદેસરની સબંધીત ઓથોરીટી સમક્ષ પરવાનગી લઈ લે–આઉટ પ્લાન મંજુર કરાવી કરતા હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતુ હોય તે સંજોગોમાં તેઓને બાંધકામ અટકાવવામાં આવે તો અને વાદીની હાલની આંક–૦૫ તથા આંક–૧૧ ની અરજી મંજુર કરવામાં આવે તો પ્રતિવાદીઓને તેઓની જમીનમાં બાંધકામ કરવાનો કાયદેસરનો હક્ક માર્યો જાય તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થવાનું સંભવ છે. જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ

તથા ઈરીપેરીબલ લોસના તત્વો વાદી તેઓની તરફેણમાં સાબીત કરી શકેલ નથી તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

7. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આ કામના વાદી રેકર્ડ ઉપરથી દાવાવાળી મિલકત અંગે પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરીબલ લોસ ના તત્વો પણ વાદીની તરફેણમાં વાદી સાબીત કરી શકેલ નથી, તે તમામ સંજોગોમાં હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// <u>હુકમ</u> //-

1. વાદીઓ દ્વારા કરવામાં આવેલ હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી "**રદ**" યાને "**નામંજૂર**" કરવામાં આવે છે.
2. અરજી અંગેનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

સદર હુકમ આજરોજ તારીખ **૦૪મી** માહે **સપ્ટેમ્બર** સને **૨૦૨૩** ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪/૦૯/૨૦૨૩.
સ્થળ: રાજકોટ

(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)
પ્રિન્સિપાલ સિવિલ જજ
પડધરી, જી.રાજકોટ
(**Unique ID No.GJ**01609)

NJB